# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2023** **Morning : 7.10 to 7.20am**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- રાજ્યની 11 જાહેર યુનિવર્સિટીઓમાં આજથી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇઓ લાગુ થશે.
- રાજ્ય સરકાર 157 નગરપાલિકાઓને માર્ગોને થયેલા નુકસાનની મરામતના કામો માટે 100 કરોડ રૂપિયા ફાળવશે.
- રાજ્યના ખેડૂતો સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે આજથી આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે.
- રાજ્યમાં ટપાલ વિભાગ દ્વારા આજથી 13 ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.
- ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર ખાતે સિક્યોરિટીઝ અને ઇન્વેસ્ટમેન્ટ લો અંગેની GNLU મૂટ કોર્ટ સ્પર્ધાનું સમાપન થયું હતું.
- આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં રાજયની પ્રથા પવારે ત્રણ ચંદ્રકો જીત્યા છે.

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**UNI. RUSHIKESH PATEL**

રાજ્યની 11 જાહેર યુનિવર્સિટીઓમાં આજથી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમની જોગવાઇઓ લાગુ થશે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ જોગવાઇઓથી 11 પબ્લીક યુનિવર્સીટીની સ્વાયતતા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે. યુનિવર્સીટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સીટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે.

નવા અધિનિયમના અમલથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં થયેલા સૂચનો વધુ અસરકારક રીતે અમલમાં મૂકી શકાશે. શ્રી પટેલે જણાવ્યું હતું કે, નવા અધિનિયમમાં કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સીટીના પ્રોફેસરોની નિમણૂંકમાં ૩૩ ટકા મહિલા સભ્યોની જોગવાઇ છે.

યુનિવર્સીટી પોતાના સક્ષમ સત્તામંડળની મંજૂરીથી નવા કોર્સ, નવા પોગ્રામ શરૂ કરવા સ્વાયત રહેશે. એવી જ રીતે એક્સટર્નલ વિદ્યાર્થીઓને પદવી આપી શકશે તથા ઓનલાઇન કોર્સ તૈયાર કરી શકશે. આ અધિનિયમના લીધે 11 યુનિવર્સીટીમાં પ્રવેશ, અભ્યાસ અને પરીક્ષા પધ્ધતિમાં એકસૂત્રતા આવશે.

## CM- NAGARPALIKA GRANT

રાજ્ય સરકાર 157 નગરપાલિકાઓને માર્ગોને થયેલા નુકસાનની મરામતના કામો માટે 100 કરોડ રૂપિયા ફાળવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચોમાસામાં વરસાદને કારણે નગરોમાં માર્ગોને થયેલા નુકસાનની મરામત માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત આ રકમ ફાળવવામાં આવશે.

૧૦૦ કરોડ રૂપિયાની આ રકમમાંથી 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ રૂપિયા પ્રમાણે ૨૨ કરોડ રૂપિયા તેમજ 'બ' વર્ગની ૩૦ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૮૦ લાખ રૂપિયા પ્રમાણે કુલ ૨૪ કરોડ રૂપિયા,

'ક' વર્ગની ૬૦ નગર પાલિકાઓને પ્રત્યેકને ૬૦ લાખ રૂપિયા મુજબ કુલ ૩૬ કરોડ રૂપિયા અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૪૦ લાખ રૂપિયા પ્રમાણે કુલ ૧૮ કરોડ રૂપિયા રોડ મરામતના કામો માટે ફાળવવામાં આવશે.

## SOLAR - I KHEDUT PORTAL

આજથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે. રાજ્યના ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો આજથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે..

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા અથવા ૧૫ હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા ખેડૂતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

## NATIONAL POST WEEK

રાજ્યમાં ટપાલ વિભાગ દ્વારા આજથી 13 ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.. જેના ભાગરૂપે ટપાલ વિભાગ દ્વારા પોસ્ટલ વિભાગની વિવિધ યોજનાઓ અને તેના લાભો વિશે લોકોને માહિતગાર કરવામાં આવશે.

સુરત ટપાલ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ નિમિત્તે વિશ્વ ટપાલ દિવસ, સેવિંગ બેંક દિવસ, મેઇલ્સ દિવસ, ફિલાટેલી દિવસ અને વેપાર વાણિજ્ય દિવસની ઉજવણી કરાશે. આ સાથે ગ્રામ્ય, અંતરિયાળ અને શહેરી પછાત વિસ્તારમાં

નવા આધારકાર્ડ બનાવવા તેમજ અપડેટ કરવા વિવિધ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

## GNLU

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ગાંધીનગર ખાતે સિક્યોરિટીઝ અને ઇન્વેસ્ટમેન્ટ લો અંગેની GNLU મૂટ કોર્ટ સ્પર્ધાનું સમાપન થયું હતું. આ સ્પર્ધામાં દેશભરની વિવિધ કાયદાની યુનિવર્સિટીઓની ટીમોએ ભાગ લીધો હતો.જેમાં હૈદ્રાબાદની નાલસાર યુનિવર્સિટી પ્રથમ નંબરે, બેંગુલુરૂની ક્રાઈસ્ટ યુનિવર્સિટી બીજા ક્રમે આવી હતી. તો ક્રાઈસ્ટ યુનિવર્સિટીની અદિતિ મોલા ને શ્રેષ્ઠ વક્તા અને સાસ્ત્રા ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીના એસ. કામેશને શ્રેષ્ઠ સંશોધક તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.સાથે જ લોઈડ લો કોલેજને બેસ્ટ રીટન સબમિસન માટે રૂ.25,000/- નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ સમાપન પ્રસંગે GNLU ના ડાયરેક્ટર, પ્રોફેસર (ડૉ) એસ. શાંથાકુમારે જણાવ્યું હતું કે, GNLUમાં મૂટ કોર્ટ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ માટે અનુમાનિત કેસો પર સંશોધન અને દલીલ કરવા માટે એક પ્લેટફોર્મ પુરૂં પાડવામાં આવે છે.

## GRAMIN BANK AND COOPRATIVE SOCIETY COMPUTERISATION

કેન્દ્રીય સહકારિતા મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કાર્યરત 1 હજાર 851 કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકો (એઆરડીબી)ની કચેરીઓ ને કોમ્પ્યુટરાઇઝ્ડ અને સશક્ત બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો. તેવી જ રીતે સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની કચેરીઓને પણ રાષ્ટ્રીય યુનિફાઇડ સોફ્ટવેર મારફતે કમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવશે. આ યોજના માટે સેન્ટ્રલ પ્રોજેક્ટ મોનિટરિંગ યુનિટ (પીએમયુ)ની સ્થાપના કરવામાં આવશે, જે યોજનાના સફળ અમલીકરણ માટે કામ કરશે, આ યોજના માટે કુલ અંદાજિત ખર્ચ રૂ. 225.09 કરોડ થશે.યોજનાના અમલીકરણથી નાગરિકો રાજ્યોના સહકારી વિભાગો અને

એઆરડીબીની કચેરીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ ઝડપથી મેળવી શકશે, વધુમાં આ યોજના થી કચેરીઓની કામગીરીમાં પારદર્શિતા અને એકરૂપતા પણ લાવશે, જે તેમને વધુ કાર્યક્ષમ બનાવશે અને સમયની બચત કરશે.

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની 200મી જન્મજયંતિ નિમિત્તે જ્ઞાન જયોતિ પર્વ ઉજવાયું.

અમદાવાદ ખાતે ગઇકાલે આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ઇવેન્ટ સેન્ટર રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે આજે ભવ્ય રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આર્યવીર દળ અને આર્યવીરાંગના દળ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવી હતી. તથા પધારેલ મહાનુભાવોને ગાર્ડ ઓફઓનર આપવામાં આવ્યું હતું.

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તેમનો ભવ્ય સમાપન સમારોહ ઓક્ટોબર, 2025ના અંતમાં આંતરરાષ્ટ્રીય આર્ય મહા સંમેલનના સ્વરૂપમાં ઉજવવામાં આવશે.

## TABLE TENIS

આંતરરાષ્ટ્રીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં રાજયની પ્રથા પવારે ત્રણ ચંદ્રકો જીત્યા છે.

સંયુક્ત આરબ અમીરાત ખાતે ડબ્લ્યુટીટી યુથ કન્ટેન્ડર સ્પર્ધામાં પ્રથાએ 17 વર્ષથી ઓછી વયજૂથમાં રજત, 15 વર્ષથી ઓછી વયજૂથમાં કાંસ્ય અને 15 વર્ષથી ઓથી મિક્સ ડબલ્સમાં પણ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ સિદ્ધિ મેળવનાર પ્રથા પવાર રાજયના પહેલી ખેલાડી બની છે.

## VALSAD - DEATH

વલસાડના હિંગરાજ ગામે બામખાડીમા નાહવા પડેલા બે યુવાનોના ડૂબી જવાથી મોત થયા છે.

વલસાડથી અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, વલસાડના ભદેલી જગાલાલા વેકરિયા મંદિર નજીક આવેલ બામ ખાડીમાં ગામના બે સગીરો નહાવા જતાં તણાઈ ગયા હતા જે અંગેની જાણ ગામના યુવાનો ને થતા ગામ ના યુવાનો ભેગા મળી ત્રણ કલાક ની જહેમત બાદ બંને ને બહાર કાઢ્યા હતા અને ત્યારબાદ બંનેને સારવાર માટે વલસાડ ની કસ્તુરબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં બંને યુવાનોને મૃત જાહેર કરાયા હતા.

## PANCHMAHAL – KRUSHI MELO

પંચમહાલના શહેરા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં'મિલેટ ડેવલપમેન્ટ યોજના" હેઠળ કૃષિ મેળો યોજાયો હતો.

શ્રી ભરવાડે જણાવ્યું હતું કે દરેક ખેડૂત મિલેટ પાકોનું વાવેતર કરે તેમજ પ્રાકૃતિક કૃષિ તરફ વળી રસાયણોથી થતા રોગોથી બચે તેમજ પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત કૃષિ પેદાશોના વેચાણ માટે પંચામૃત ડેરીનો સંપર્ક કરવા ખેડૂતોને જણાવ્યું હતું.કાર્યક્રમમાં પાક સંરક્ષણ સાધનો, તાડપત્રી તેમજ વિવિધ યોજનાઓના પેમેન્ટ ઓર્ડર મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, આ કૃષિ મેળામાં મકાઈ સંશોધન કેન્દ્ર ગોધરાના વૈજ્ઞાનિક કનુભાઈ પટેલ દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને જિલ્લા ખેતીવાડી અધિકારી એમ.જી.પટેલ દ્વારા ખેતીવાડી ખાતાની સહાય યોજના અને મિલેટ ધાન્યના મહત્વ અંગે લોકોને જાણકારી આપી હતી.

## DANG MELO

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, સુબિરના સુબીરના મોખામાળ ગામે 'કૃષિ મેળો' યોજાયો હતો. 'ઇન્ટરનેશનલ મિલેટ વર્ષ ૨૦૨૩' ની ઉજવણી અંતર્ગત સુબિર તાલુકા પંચાયત પ્રમુખના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો.

આ 'કૃષિ મેળા'માં બાગાયત અધિકારી, પશુપાલન અધિકારી, યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડુતો વગેરે દ્વારા, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. દરમિયાન આયોજિત પશુ સારવાર શિબિરમાં ૨૩૦ જેટલા પશુઓને સારવાર પુરી પાડવામાં આવી હતી.

વિવિધ વિભાગના સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. જિલ્લાના ICDS વિભાગે ખાસ મિલેટ્સ આધારિત વાનગીઓ નો સ્ટોલ્સ રજૂ કર્યો.

## NAVSARI AMTRUT KALASH YATRA

નવસારીના ગણદેવી શહેર અને વાસંદા તાલુકાનાં વિવિધ વિસ્તારો માં ગઇકાલે મેરી માટી મેરા દેશ કળશ યાત્રા નીકળી હતી. અમારા નવસારીના પ્રતિનિધિ અશોક પટેલના અહેવાલ અનુસાર ગણદેવી શહેરના નીકળેલી યાત્રાએ ઘરે ઘરેથી માટી અને ચોખા એકત્ર કર્યા હતા. શહેરના સરદાર ચોક ઉપર સરદાર પટેલની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.